Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ ( ચાલુ ) વીર સં. ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ ફાગણ

## પદ ૭૧

### પ. પૂ. શ્રી આનન્દઘનજી મ. સાહેબ

ઐસી કૈસી ઘરવસી, જિનસ અને સીરી ।
યાહી ઘરરહિસેં જગવાહી, આપદ હૈ ઇસીરી ॥ ૧ ॥

પરમ સરમ દેસી ઘરમેંઉ ઐસીરી
યાહી તે મોહન મૈસી, જગત સંગૈસીરી ઐસી ॥ ૨ ॥

કારીસી ગરજ નેસી, ગરજ ન ચખેસીરી
( નલ ખેસરી )
આનન્દઘન સુનો સીબંદી અરજ કહેસીરી ॥ ૩ ॥

સુમતિ કહે છે કે એવી કોઇ ઓર તરેહની વસ્તુ ઘરમાં આવીને કેવી રહી છે કે જે ઘરમાં તેવા પ્રકારની છે. અને જગત્‌માં પણ તેવા પ્રકારની છે, અને એ વાતને સમજવામાં પણ આપત્તિ પડે છે અર્થાત્ દુઃખે કરી તે વસ્તુની સમજણ પડે છે. જે એ વસ્તુ ઘરમાંજ રહે છે તો પરમ કલ્યાણને આપનારી થાય છે અને તે જ વસ્તુની એવી મોટી મોહિની છે કે તેથી જગત્‌ની સાથે સંબન્ધ થાય છે. એ વસ્તુ જેને પ્રાપ્ત થાય છે તેને કોઈની ગરજ નથી અને લાખની પણ ગરજ નથી. આનન્દઘન એવા હે શ્રીમાન્ ! આ અન્તરની વસ્તુની વિજ્ઞપ્તિ કરું છું કે તે સાંભળશો. અન્ય શબ્દાર્થમાં દાસી અરજ કરે તે હે આનન્દઘન ! સાંભળો.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

પુસ્તક : ૮૩ ] માર્ચ–૧૯૮૬ [ અંક : ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા



| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | ત્રણ સદ્‌ભાવ | મુનિરાજશ્રી રત્નસુંદર વિજયજી મ. | ૬૧ |
| (૨) | લોકશાહીનો પ્રાણ | મૃદુલા પી. મહેતા | ૬૨ |
| (૩) | ૬૦,૦૦૦ સગર પુત્રોની પ્રાણના ભોગે તીર્થરક્ષા | આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી | ૬૩ |
| (૪) | પ્રથમ સમક્તિ | રતિલાલ માણેકચંદ શાહ | ૬૪ |
| (૫) | સાચી શાન્તિને સુખરૂપી ગુપ્ત ખજાનો.... આપણા આત્માની અંદર જ રહેલો છે | શ્રી પ્રભંજન | ૬૭ |
| (૬) | જૈન શાસનનાં મહાન પ્રભાવક | રમેશ લાલજી ગાલા | ૬૮ |
| (૭) | શ્રી ધર્મનાથ સ્તુતિ | સવાઈલાલ | ૬૯ |
| (૮) | શ્રી શીતળનાથ જિનસ્તુતિ | સવાઇલાલ | ૭૦ |
| (૯) | ગુપ્તદાનની ગંગોત્રી | — | ૭૧ |
| (૧૦) | સદ્‌ગત ભગતભાઇનો સંક્ષિપ્ત જીવન પરિચય | — | ૭૩ |
| (૧૧) | હુસેન અને રાબિયા | — | ૭૬ |
| (૧૨) | જીવન કા સફર | — | ટાઈટલ પેજ-૩ |



## આ સભાના નવા આજીવન સભ્ય

## (૧) શ્રી બળવંતરાય શાન્તીલાલ કાથીવાળા-ભાવનગર

## (૨) શ્રી વસંતરાય રતનજી શાહ-ભાવનગર

હે પુણ્યાત્મન્ ! અસ્થિર, વિનશ્વર તેમજ ક્ષણે ક્ષણે પરિવર્તન પામતા એવા નાશવંત શરીરથી જો સ્થિર શાશ્વત ધર્મ સાધી શકાતો હોય, તેમજ મલ-મૂત્ર-લોહી-માંસ આદિ સાત ધાતુમયી આ મલીન કાયાથી જો નિર્મલ, શુદ્ધ, ઉજ્જવલ ધર્મ સધાતો હોય, તથા કર્માનુસાર પરિણામને પામનાર, આપણી ઇચ્છા અનુસાર નહિ રહેનાર એવા આ દેહથી જો સ્વાધીન એવો આત્મધર્મ પ્રાપ્ત થતો હોય તો ત્હને શું વાંધો છે ? તું જ કહે !!!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**આત્માનંદ પ્રકાશનો વધારો**

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પ રિ પ ત્ર

**સુજ્ઞ સભાસદ બંધુઓ/બહેનો,**

આપણી સભાના મંત્રી મહોદય શ્રી અમૃતલાલ રતીલાલ ( ભગતભાઈ )નું તા. ૮-૩-૮૬ના રોજ નિધન થતા તારીખ ૯-૩-૮૬ના રોજ રાખવામાં આવેલ સામાન્ય સભામાં જણાવેલ એજન્ડા મુજબની તમામ કાર્યવાહી કરવા તા. ૩૦-૩-૮૬ના રવીવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે સામાન્ય સભા, સભાના હોલમાં મળશે. તેની દરેક સભાસદોએ નોંધ લેવી. તથા આ મીટીંગમાં અવશ્ય હાજર રહેવા વીનંતી.

તા. ૧૬-૩-૮૬ — મંત્રીઓ
ભાવનગર — શ્રી જૈન આત્માનંદ સભા

---

તા. ક. :–આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધો કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૩ ] વિ. સં. ૨૦૪૨ ફાગણ : માર્ચ-૧૯૮૬ [ અંક : ૫

## તીરસ્કાર નહીં

## ત્રણ સદ્ભાવ

**પૂ. મુનિરાજશ્રી રત્નસુંદર વિજયજી મ.**

ધર્મ પ્રવૃત્તિ થવા છતાં પાપ નિવૃત્તિ ન થઈ શકનારા આત્માઓ માટે ક્યારેય તિરસ્કાર નહિ.-વગોવણી નહિ. આવી વિચારણા દ્વારા ગુણોને આત્મસાત્ કરી શકશો. ધર્મપ્રવૃત્તિ કરનાર પ્રત્યેના તિરસ્કારથી ભાવિમાં ધર્મપ્રવૃત્તિ કરવાની તકજ નહિ મળે-એવા કર્મ બંધ કરીને પરલોકનેભયંકર શું કામ બનાવવો ? કો'ક લેખકની નીચેની પંક્તિઓ સમજો.

ઉજલી આંખોને કાલે કાજલ કો
પ્રશ્રય દીયા હૈ, ધિક્કાર નહીં. ॥
નિર્મળ ગંગાને ઘિનોંને નાલો કોં
પરિષ્કાર દિયા હૈ, તિરસ્કાર નહીં ॥
સુરભિત સુમનોને સડી ખાદ સે,
સાર લિયા હૈ, ધિક્કાર નહીં ॥
હર પવિત્ર આત્માને, પાપાત્માકો કભી
દબાયા નહીં
ઉભરનેકા અધિકાર દિયા હૈ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકશાહીનો પ્રાણ

લે. મૃદુલા પી. મહેતા

બ્રિટનનો સુવર્ણકાળ ગણાય તેટલો રાણી વિકટોરીયાનો શાસનકાળ હતો. સત્તા અને સમૃદ્ધિનો પાર ન હતો. સાથે સાથે ઈંગ્લાંડની આમસભા અને મતદારોના વધતા જતા પ્રભાવનો એ સમય હતો. લોકશાહીના વિકાસના ક્રમિક પગથિયાં પ્રમાણે રાજાની સત્તા મર્યાદિત થઈ હતી, ઉમરાવસભાનો પણ જૂનો રૂઆબ નહોતો. આમસભા સર્વોપરી થતી જતી હતી અને તેના પર પણ મતદારોના પ્રભાવની એવી અસર હતી કે ચૂંટાયેલા સભ્યોની તાકાત ન હતી કે અવજ્ઞા કરી શકે.

એક સમારંભમાં રાણી વિકટોરિયા અને ઈંગ્લાંડના રાષ્ટ્રીય દેવળના વડા બીશપ સાથે હતા. વાતમાં સામ્રાજ્યના વર્તમાન ચર્ચાતા હતા. તે જ રીતે ઘરઆંગણે આમસભા પર મતદારોના વર્ચસ્વની વાત પણ ચર્ચાનો વિષય બના હતી. બીશપ મર્માળુ હસતા કહે. 'આ ડીમડીમ કયાં સુધી ચાલશે? મતદારો તો ટોળાંશાહી કહેવાય. કયારે કેમ દોરવાઈ જાય તે થોડા જ તજજ્ઞો છે? પ્રચારકોના હાથાં બની બેસે.... ઘરઆંગણેય મને તો જોખમ લાગે છે તેમાં વળી તમારાં સામ્રાજ્યનો આ પથારો?- સામાન્ય જનતાને બહુ બહેકાવશો તો ભારે પડી જશે."

રાણી વિકટોરિયા ઘણી બાહોશ અને અભ્યાસી હતી. રાણી હોવા છતાં નવાં પ્રવાહો અને ઈંગ્લાંડની લોકશાહી મર્મને સમજનારી તથા તેનું ગૌરવ કરનારી તે મોટા મનની રાણી હતી. તેણે આત્મશ્રદ્ધાનાં રણકાર સાથે કહ્યું, " આનો જવાબ પંદર દિવસ પછી આપું તો?"

બીજે દિવસે સવારના રાણીની સવારી ઈંગ્લાંડની બેંકમાં આવી. પાંચસો પાઉન્ડ માગ્યા નિયમ મુજબ આપવા પડે શાહી કુટુંબને આ અધિકાર હતો. ગમે ત્યારે બેંકમાંથી રકમ મેળવી શકે પણ ૨૪ કલાકમાં તે રકમ પરત કરવી પડે તે પણ અફર નિયમ હતો. અધિકારીએ રકમ આપી અને સાથે જ સાંજે આ રકમ પાછી પહોંચાડવાની તાકીદ આપી.

સાંજે રકમ પાછી ન આવી. અધિકારી ચિંતામાં પડયો. તરત મહેલ પર સંદેશો પહોંચાડયો. રાણીના સચિવ ઠંડે કોઠે જવાબ આપ્યો ચિંતા ન કરો. રકમ પહોંચી જશે. ઓફિસનો સમય પૂરો થયો ન આવી રકમ. અધિકારી ચિંતિત મને ઘેર ગયો. બીજે દિવસે સવારે બેંક ખૂલ્યા પછી એક કલાક રાહ જોઈ. ૨૪ કલાક પૂરા થયા ફરી સંદેશવાહક દોડાવ્યો. સાંજ સુધીમાં મળી જશે તેવો જવાબ આવ્યો. અધિકારી મૂંઝાયો. તેણે બેંકના મેનેજરને વાકેફ કર્યા. સાંજ સુધી રાહ જોવા સૂચવાયું.

સાંજે પણ રકમ ન આવી. મેનેજર અને ડાયરેકટરે ન્યાયધિશનો સંપર્ક સાધ્યો. તેમણે કહ્યું, "ઈંગ્લાંડમાં કાયદો સર્વોપરી છે. કાયદેસર પગલાં લો."

છેલ્લી સલાહ વડાપ્રધાનની લેવામાં આવી. ૫૦૦ પાઉન્ડ જેવી નજીવી રકમ માટે રાણી કેમ ગલ્લાંતલ્લાં કરે છે તે વડાપ્રધાનને સમજાયું નહીં. તેણે કહ્યું, " તમે ધોરણસર કાગળો કરો. દરમ્યાન હું રાણીને મળું છું."

( અનુસંધાન પાના ૬૬ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૬૦,૦૦૦ સગર પુત્રોના પ્રાણના ભોગે તીર્થરક્ષા

**આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુ સૂરીશ્વરજી**

સગર ચક્રવર્તીના ૬૦ હજાર પુત્રોએ અષ્ટાપદ તીર્થની રક્ષા કાજે અષ્ટાપદ ફરતી ઊંડી ખાઇ ખોદી નાખી. એમાં નીચે કાણાં પડયા. તેમાંથી રજ ખરીને દેવોના ભવન પર પડી. ત્યાંનો રક્ષક દેવતા આવી ગુસ્સાથી એમને ઠપકારે છે કે-

"આ શી રમત માંડી છે? અમારાં રત્નોના ભવન રજ પડવાથી મેલા થાય છે. ઋષભદેવ પ્રભુના વંશ જ છો એટલે આટલી વાર જતા કરૂં છું- નહિતર તો તમારા ગુન્હાના હિસાબે બાળીને ભસ્મ કરી નાખું. જાઓ, ચાલ્યા જાઓ. હવે ફરીથી આવું કરશો નહિ.

દેવતા ગયો. પરંતુ આ સાઠ હજારને વળી એક વિચાર આવે છે કે-

"હજુ અસંખ્ય વરસના વહાણાં વાવાના છે. તેમાં તો વા-વંટોળથી રેતી ઉડી ઉડી આવતી રહે. તેથી ખાઈ ભરાઈ જાય. તો પછી અષ્ટાપદની રક્ષાનો આપણો પ્રયત્ન એળે જાય. અનાડી માણસો આવી અહીં ઉપર ચડી જાય તો સોનાનું મંદિર અને રત્નોના બિંબોને લોભથી ખંડિત કરે. હવે જો આ ખાઇને શાશ્વતી ગંગાની નહેર બનાવી દઈએ, તો પાણી નહેરમાં નિત્ય વહેતું રહેવાથી ખાઈ પૂરાઈ ન જાય

જુઓ, કેવા વિચારમાં ચડે છે? દેવતા તાકીદ આપીને ગયો છે કે હવે આવું કરશો નહિ. વળી જે કાણામાંથી રેતી ગળી એ કાણાઓમાંથી પાણી નહિ ગળે? ને એ ગળ્યા પછી દેવતા એ દેખીને ઝાલ્યો રહે? બાળીને ભસ્મજ કરી નાખેને?

પરંતુ તીર્થરક્ષાની તીવ્ર તમન્નામાં-તીવ્ર ભાવમાં આ કશો વિચાર કરવો નથી. પ્રાણ પ્રાણ બચાવવાનો ય વિચાર ન નહિ? ના કરતાં તીર્થરક્ષા મોટી માની છે. એટલે પ્રાણનીય પરવા કરવી નથી. પરવા માત્ર ગમે તે ભોગે તીર્થની રક્ષા કરવાની અને ખરેખર! ગંગામાંથી નહેર ખોદી લાવ્યા. ખાઈ પાણીથી ખળખળ ભરાઈ ગઇ. પણ પાણી જ્યાં નીચે ઉતર્યા કે કોપાયમાન થયેલ દેવતાએ આવીને હવે શિખામણ આપવા ન થોભતા, આગ છોડી સાઈઠે હજારની જીવતા ચિતા કરી. એ ભડભડ અગ્નિથી બળ્યા. છતાં પરવા ન હતી પ્રાણની, પરવા ન હતી તીર્થ રક્ષાની. તે રક્ષા થઈ તેથી આનંદમાં મર્યા. તો બારમાં દેવલોકે દેવ તરીકે જન્મ પામ્યા. કેટલું બધું સુધરી ગયું.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

-તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રથમ સમકિત

—: લેખક :—
રતિલાલ માણેકચંદ શાહ-નડીઆદ

ચરમોત્કૃષ્ટ એવો મનુષ્ય જન્મ જે દેવોને પણ દુર્લભ ગણાય છે; તે આપણને મહા પુણ્યના ઉદયે મળી ગયેલ છે, તે એટલા માટે નહીં કે, કેવળ ભોગવિલાસો ભોગવી આયુષ્ય પૂર્ણ કરીએ; અને પાછા નારકી નિગોદમાં ચાલ્યા જઈએ. તે તો જીવ-જંતુઓ, પશુઓ વિગેરે પણ કરે છે; તો સર્વોત્કર્ષ મનુષ્ય જન્મ આજે આપણને મલી ચૂકયો છે; તેની વિશેષતા કઈ? સાથી તેને દેવને પણ દુર્લભ ગણવામાં આવે છે? તે વિચારવું જ રહ્યું. તેને એટલા માટે સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે કે, ચારે ગતિમાં ફક્ત આજ એવી ગતિ છે કે જેમાં વિશેષમાં બુદ્ધિ મલેલી છે; એટલે વિચાર પૂર્વક આત્મલક્ષે જો આપણી પ્રવૃત્તિ અચરાય તો પૂર્ણતાને પામવાનો પુરૂષાર્થ આજ ભવમાં આપણે આચરી શકીએ છીએ, આમ તો દેવની ગતિ ઉત્તમ ગણાય છે, છે. પરંતુ ત્યાં તો કેવળ સુખમાંજ લીન રહેવાનું હોઈ, મંઝિલે પહોંચવાનો પુરૂષાર્થ આચરી શકાતો નથી, કેવળ મનુષ્ય જન્મમાંજ તે શકય છે, તે માટે જ આ ભવને ચરમોત્કર્ષ કહેવામાં આવ્યો છે.

જન્મવું, ભણવું-ગણવુ, સંસાર ભોગવવો, સંતતી પેદા કરવી, વિષય કષાયોમાં રાચવું, પરિગ્રહ એકઠો કરવો વિગેરેમાં જીવન એળે ગૂમાવી દેવા માટે આવા શ્રેષ્ઠ મનુષ્ય જન્મનો ઉપયોગ કરી દુર્ગતિમાં ચાલ્યા જવા માટે આવો સર્વોત્કર્ષ જન્મ મલેલ નથી તેમ ચોકસ માનવુ જ રહ્યું. સંસારના પ્રત્યેક પદાર્થો પરિવર્તનશીલ, ચલાયમાન, અસ્થિર અને વિનાશક છે. તેના ભરોસે રહીને આવો શ્રેષ્ઠ મનુષ્ય જન્મ વેડફી દેવાવો ન જોઈએ. મનુષ્ય જન્મ તો મુક્તિ મેળવવા માટે મળેલ છે; તો આપણે શેનાથી મુક્ત થવા માંગીએ છાએ તે પ્રથમ વિચારવું જોઇએ. શાસ્ત્રોમાં પ્રથમ તો મિથ્યાત્વને મહાપાપ કહ્યું છે. તે પાપનો બાપ છે. માટે પ્રથમ આપણે મિથ્યાત્વને મારીએ અને સત્ય પથના રાહી બનીએ, વિભાવમાંથી સ્વભાવમાં આવીએ, અજ્ઞાનતામાંથી જ્ઞાનમાં આવીએ. અંધકારમાંથી પ્રકાશમાં આવીએ, ત્યાર બાદ આત્માથી આત્માને ઓળખી તેનું અનુસંધાન કરીએ, અંશે તેની અનુભૂતિ થતાં સમકિતનો આવિષ્કાર કરીએ અને તે રાહ પર આગળ વધતા છેવટે પૂર્ણતાએ પહોંચીએ.

એક તો મનુષ્ય જન્મ મલવો અત્યંત દુર્લભ છે, અને જો તે મળી ગયો તો આર્યદેશ, સુગુરુ, સુધર્મ, સુશાસ્ત્રો વિગેરે મળવા દુર્લભ છે; આ પ્રત્યેક સુમેળ મહાપુણ્યના ઉદયે માનવીને પ્રાપ્ય બને છે. પહેલાં આટલું આપણે બરાબર સમજી લઈએ, આવો ઉત્તમ મનુષ્ય જન્મ મલ્યો છે તો આ દેહેજ મુક્તિ મેળવવાનો પુરૂષાર્થ આચરીએ તે માટે સાચી લગની લાગવી જોઈએ જે અત્યંત આવશ્યક છે.

મનુષ્યમાં રાજસવૃત્તિ છે એજ દેવવૃત્તિ છે કે દેવપણું છે, રાજસમનુષ્ય તે દેવ છે, રાજસ ગુણવડે મુક્તિ પ્રાપ્ત થતા નથી, માટેજ કહેલું છે કે, દેવતાઓ મોક્ષ મેળવી શકે નહિ. મોક્ષના ઈચ્છા રાખનારાઓએ રાજસવૃત્તિનો ત્યાગ કરીને સાત્વિકવૃત્તિ એટલે કે મનુષ્ય વૃત્તિમાં આવવું જોઈએ, સાત્વિક વૃત્તિવાળાઓજ મોક્ષનો આવ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ષ્કાર કરી શકે છે. માટેજ શાસ્ત્રોમાં અંક્તિ કરવામાં આવ્યું છે કે મનુષ્યભવ સિવાય મોક્ષ પ્રાપ્ય કરવો અત્યંત દુર્લભ છે.

### અન્યત્વ ભાવના

( શાર્દુલ વિક્રીડિત )

"ના મારાં તનરૂપ કાંતિ યુવતી,
ના પુત્ર કે ભ્રાતના;
ના મારાં ભૃત સ્નેહિયો સ્વજન કે,
ના ગોત્ર કે જ્ઞાતના
ના મારાં ધન ધામ યૌવન ધરા,
એ મોહ અજ્ઞાત્વના;
રે! રે! જીવ વિચાર એમજ સદા
અન્યત્વદા ભાવના.

( શાર્દુલ વિક્રીડિત )

"દેખી આંગળી આપ એક અડવી,
વૈરાગ્ય વેગે ગયા;
છાંડી રાજ સમાજને ભરતજી
કેવળ જ્ઞાની થયા;
ચોથુ ચિત્ર પવિત્ર એજ ચરિતે
પામ્યુ અહીં પૂર્ણતા;
જ્ઞાનીના મન તેહ રંજન કરો;
વૈરાગ્ય ભાવે યથા;
( શ્રીમદ્ )

ભગવાન મહાવીર સ્વામીએ સાધકોને સંદેશો આપતાં કહ્યું કે, જ્યાં સુધી તમારામાં રાગ-દ્વેષ હશે ત્યાં સુધી તમે મારા ચિંધ્યા માર્ગે આગળ વધી શકશો નહિ. રાગ-દ્વેષ ભવ પરંપરાના મૂળ છે, તેથી સંસારરૂપી વૃક્ષ ફુલ્યું ફાલ્યું રહે છે; અને રાગ-દ્વેષ મોહદ્વારા ઉત્પન્ન થાય છે. જન્મ-મરણનું કારણ આમાંજ સમાયેલું છે. અને એ છે તો અનંતુ દુઃખ પણ છે. દ્વેષ કરતાં પણ રાગ ઉત્કટ ખરાબ છે. જ્યાં સુધી તેનાથી છૂટછેડા નહીં લેવામાં આવે ત્યાં સુધી ભવના ભયંકર ફેરાનું વિષચક્ર ચાલુ જ રહેશે તે નિઃશંક હકીકત છે.

" જ્ઞાન સંયમની સુંદર પાંખો.
વિનય વિવેકની દિવ્ય આંખો;
વીરના પગલે દોડ મુસાફિર ભાતું બાંધી લે.

ગમે તેટલો તપ કરવામાં આવે, ધાર્મિક અનુષ્ઠાનો આચરવામાં આવે. પણ જો તમારી પાસે જ્ઞાન-વિરાગ રૂપી બે પાંખો નહીં હોય, તો ઉર્ધ્વગતિએ ઉડી શકશો નહિ અને વિનય-વિવેક રૂપી દિવ્ય ચક્ષુઓ નહીં હોય તો સત્યને પિછાની શકશો નહિ. માટેજ પ્રથમ વિનય-વિવેક હોવો અત્યંત આવશ્યક છે.

અનંતજ્ઞાનીઓ કહી ગયા છે કે, હે જીવ! તેં તારા સ્વરૂપને પિછાન્યું નહિ, તેથી અનાદિ કાળથી આ ભવસાગરમાં આંબોટા રહ્યો છે. આત્માના અજ્ઞાનથી આવિષ્કાર પામેલું જે દુઃખ છે. તેને આત્મજ્ઞાન દ્વારા વિલીન કરી શકાય છે; જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં સુધી કેવળ તપ કામિયાબ નિવડતો નથી. તેથી ભવનો અંત આવી શકતો નથી. શરીર તે બાહ્ય વસ્તુ છે, જે આત્માને સંયોગે મળેલ છે, જડ છે, વિનાશી છે, પરિવર્તનશીલ છે, ચલાયમાન છે જ્યારે આત્મા અખંડ આનંદ, જ્ઞાન અને સુખમય છે, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય અને અનંત ગુણો તથા અનંત શક્તિનો ધણી છે, શરીર વિનાશી છે ત્યારે આત્મા અવિનાશી છે. જડમાં અજ્ઞાનતા છે. જ્યારે ચેતન જ્ઞાનમય છે, જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા ભોક્તા પણ છે. આત્મા શરીરથી જુદો છે, તો પછી, સ્ત્રી, પુત્ર, લક્ષ્મી, કુટુંબીજનો, આપ્તજનો, પરિવાર, બાગ-બગીચા-બંગલાદિથી જુદો હોય તેમાં શકાને સ્થાનજ કયાં છે? આ પ્રત્યેક પદાર્થો છોડીને આયુષ્ય પૂર્ણ થયે આ આત્મા ચાલી નીકળે છે જે નિઃશંક હકીકત છે, તો પછી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ રાગ-દ્વેષ, મોહ, માન, માયા, મમતા, લોભ, અહંમાદિ કોના માટે અને શા માટે? આવા તો અનંતા શરીરો લીધા અને મૂકયા. અનંતા ભવોમાં અનંતા સંબંધો બાંધ્યા અને છોડયા અને પ્રત્યેક આચરીને ભવસાગરમાં ડૂબકીઓ મારતો જ રહ્યો. સંસારની વૃદ્ધિ કરતોજ રહ્યો.

ભેદ વિજ્ઞાનથી જ અજ્ઞાન લુપ્ત થાય છે, અજ્ઞાનથી અલિપ્ત થતાંજ પર પદાર્થો પરની મમતા વિલીન થવા માંડે છે. આત્મા એ અખંડ દ્રવ્ય હોવા છતાં વર્તમાન પર્યાય દૃષ્ટિએ તેના ત્રણ વિભાગ કરવામાં આવે છે. (૧) બહિરાત્મા, (૨) અંતરાત્મા, (૩) પરમાત્માં નિજ સ્વરુપના જ્ઞાનમાં પ્રત્યેક જ્ઞાનસમાઈ જાય છે. જેણે પોતનું સ્વરુપ જાણ્યું તેણે બધુંજ જાણ્યું અને જેણે પોતાનું સ્વરૂપ પિછાણ્યું નથી, તેણે પછી આખા જગતનું અન્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તો પણ તે કાંઇ કામિયાબ નિવડતું નથી. સ્વરૂપની સમજણ અને તેમાં રમણતા એથી ઉંચી બીજી કોઈ પ્રક્રિયા નથી એટલા માટેજ શાસ્ત્રોમાં તેનો અપૂર્વ મહિમા વર્ણવ્યો છે. માટે આત્માને ઓળખો, તેની અંશે અનુભૂતિ કરો અને પ્રથમ સમકિતનો આવિષ્કાર કરો.

---

( અનુસંધાન પાના ૬૨નું ચાલુ )

રાણી પાસેથી કોઈ સંતોષકારક જવાબ ન મળ્યો. કાગળિયા થયા. કોર્ટમાં પહોંચ્યા. કોર્ટે તાકીદ કરી પણ રાણી તરફથી પ્રત્યુતર મળે નહી. એટલે છેવટના ઉપાય તરીકે રાણીએ કોર્ટમાં હાજર થવું તેવો સમન્સ બહાર પાડવાની આવશ્યકતા ઊભી થઇ. આ માટે ઇંગ્લાંડના દેવળના વડા બીશપની સહી જોઇએ. કાગળો તેમની પાસે ગયા. પાંચસો પાઉન્ડ માટે રાણી આ રીતે વર્તે તે મનાય નહીં તેવી વિગત હતી. સહી કરતાં પહેલાં તેણે રાણીની મુલાકાત માગી. જઈને કાગળો રાણી સમક્ષ ધરતાં પૂછયું કે આ છે શું?

રાણીએ અત્યંત આનંદપૂર્ણ ગૌરવ સાથે કહ્યું, "તમને પ્રત્યુતર મળી ગયો?"

બીશપ આશ્ચર્યથી જોઈ રહ્યા.

"તમે તે દિવસે પૂછતા હતા કે આ ટોળાશાહી જેવી લોકશાહીનું ડીમડીમ કયાં સુધી ચાલશે? જ્યાં સુધી કાયદાનું શાસન અખંડ છે. જ્યાં સુધી અદનો આદમી અને સામ્રાજ્ઞી કાયદા પાસે સમાન છે અને જ્યાં સુધી વહીવટમાં આટલી ચોકસાઇ અને પ્રામાણિકતા છે ત્યાં સુધી લોકશાહી સુરક્ષિત છે." આટલું કહી તેમણે ૫૦૦ પાઉન્ડ બેંકને મોકલી આપ્યા.

'**સ્વરાજધર્મ**'ના સૌજન્યથી.

---

હે જીવ! જે રીતે અલ્પ વૈભવવાળો મનુષ્ય બહુમૂલ્ય ચિંતામણી રત્ન ખરીદી ન શકે, તે જ રીતે ગંભીરતા, રૂપ, સૌમ્યપ્રકૃતિ, લોકપ્રિયતા, અક્રૂરતા, પાપભીરૂતા, અશઠતા, દાક્ષિણ્યતા, લજ્જાળુતા, દયા, માધ્યસ્થ્ય, સત્કથા, સુપરિવાર, દીર્ઘદૃષ્ટિ, વિશેષજ્ઞતા, વૃદ્ધાનુસારિતા, વિનય, કૃતજ્ઞતા, પરહિતનિરતતા સ્વરૂપ ૨૧ ગુણ-વૈભવ જેની પાસે નથી. તેવો દરિદ્ર આત્મા શું ધર્મરત્ન પામી શકે? અર્થાત્ ન જ પામે!!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી શાન્તિને સુખરૂપી ગુપ્ત ખજાનો....
# આપણા આત્માની અંદરજ રહેલો છે....!

(P. H. B.) " શ્રી પ્રભંજન " લાલવાડી-મુંબઈ

રળિયામણો રાજમાર્ગ હતો, એના મધ્યભાગમાં વિશાળ વૃક્ષ હતું. ચારે બાજુ શીતળ છાયા ફેલાયેલી હતી. એ છાયાની માયા જેને વર્ષોથી લાગી હતી એવો એક ભિખારી શ્રીમંત બનવાની ઝંખનાએ રાત-દિવસ ત્યાં જ બેસી રહેતો. આવતા જતાં રાહદારીઓ પાસેથી આજીજી કરી ભીખ માંગી પોતાનું જીવન ચલાવતો હતો. આમ ને આમ વર્ષોના વહાણા વીતી ગયાં. પેલો ભિખારી ત્યાંને ત્યાં જ એક દિવસ મૃત્યુની ગોદમાં કાયમને માટે લપેટાઈ ગયો. વૃક્ષ સાથે વર્ષોનો પ્રેમ હોવાથી સારૂંયે વાતાવરણ ગમગીન બની ગયું....

ભિખારીના મરણ બાદ ખબર પડી કે એ જે જગ્યાએ બેસીને સુખી થવા ભીખ માંગતો હતો એ જ જગ્યાની નીચે જમીનમાં કોઈક મહારાજાધિરાજનો અમૂલ્ય ગુપ્ત ખજાનો રહેલો હતો. પરંતુ અભાગી ને ભારેકર્મી એવા તે ભિખારીને ખજાનાનો ખ્યાલ ન હોવાથી જીવનના અંત સુધી ભીખ માંગતો જ મૃત્યુ પામ્યો.

આપણી સૌની પણ આવી જ દશા છે. આપણે પણ ભિખારી છીયે ને સુખ પ્રાપ્ત કરવા જયાં ને ત્યા ફાંફા માર્યા કરીએ છીએ. સુખ અને શાંતિનો અજોડ ખજાનો તો આપણા ભીતરનાં ભંડારમાં જ રહેલો છે, બહાર બીજે કયાંય નથી. બહાર ફાંફા મારવા કરતા ભીતરમાં રહેલા આત્મિક સુખના અનુપમ ને ગુપ્ત ખજાનાની શોધ કરી શાશ્વતને માટે સુખને શાન્તિ પ્રાપ્ત કરીએ.

" ભીતરના ભેદને જે જાણે તે આત્મ સુખને માણે, " દેવ દુર્લભ એવું માનવ જન્મ, જૈનકુળ, તારણહાર-વિશ્વબંધુ દેવાધિદેવ એવા જિનેશ્વર ભગવંત તથા સર્વોત્કૃષ્ટ જૈનધર્મને મહાન્ પુણ્યોદયે પ્રાપ્ત કરીને પણ જો ભીતરની અંદર ડોકિયું ન કરીયે ને સાચા સુખના ખજાનાને ન પ્રાપ્ત કરીએ તો આપણા જેવો મૂર્ખ આ વિશ્વમા બીજો કયો હોઈ શકે....!

---

# શ્રી સિદ્ધક્ષેત્ર-યાત્રા

તા ૨૩-૨ ૮૯ના રોજ શ્રી આત્માનંદ સભના સભ્યો માટે અણમોલ દિવસ બની રહ્યો. પરમ તારક આદિનાથ પ્રભુને ભેટવા સભ્યો થનગની રહ્યા હતાં. કેટલાક સભ્યો શનિવારના રોજ પાલીતાણા પહોંચી ગયા હતા. પ્રાતઃકાળે પ્રાતઃકાર્ય પતાવી આવેલ સભ્યોએ યાત્રા માટે પ્રયાણ કર્યું. આનંદ અને ઉલ્લાસ પૂર્વક રામપોળ પાસે પહોંચ્યા. પ્રથમ શાંતિનાથ ભગવાનને જુહાર્યા ચૈત્યવંદન કરી, ચક્કેશ્વરી દેવીના દર્શન કરી અને કવડયક્ષના દર્શન કરી આગળ વધ્યા. પૂજ્ય આદિનાથ ભગવાનના દર્શન કરી પાવન બન્યા પ્રભુની ઝળહળતી કાંતિ, અમૃત વર્ષાવતા નયનો સત્ચિદાનંદ મુખારવિંદ નિહાળી, આનંદનો સ્રોત વહેતો બન્યો. સ્નાનાદિ વિધિ પતાવી, પુષ્પોના થાળ લઈ, પક્ષાળ માટે હાજર થયા. પ્રક્ષાલ કરી, હર્ષવિભોર બન્યા. પ્રભુજીની પૂજા માટે પ્રતિક્ષા કરતાં સ્વસ્થ ચિત્તે પ્રભુ સ્મરણ આદિથી ધન્ય બન્યા. ત્યારબાદ નવ્વાણું પ્રકારની પૂજા શરૂ કરવામાં આવી. ખૂબ આનંદ સંપાદન થયો. આદિનાથ ભગવાન, પુંડરિક સ્વામી, સીમંધર સ્વામી વગેરેની પૂજાનો અપૂર્વ લાભ મળ્યો. ધર્મશાળામાં આવી સહુએ ભોજન લીધું. ' પુણ્યાહમ્ ' સાર્થક થયું. સભ્યો હજુ વધારે સંખ્યામાં હાજર રહે તેવી વિજ્ઞપ્તિ. ચૈત્ર સુદી ૧ ચિત્ત ભૂમિ પર આરૂઢ બનો.

—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન શાસનનાં મહાન પ્રભાવક

લેખક :- **રમેશ લાલજી ગાલા લાયજા મોટા**

જૈન ધર્મ સૌથી ઊત્તમ અને અજોડ ધર્મ છે કારણ જિનેશ્વર ભગવંતો દ્વારા પ્રરૂપાયેલ અખંડ ધર્મ જ સુખદાયી છે અને એ થકી જ જીવને કર્મબંધનથી મુક્તિ મળે છે. કારણ કે અન્યધર્મ એ આસક્તિરસ લુલુપ્તા-અસંયમ વગેરે દ્વારા પ્રશંસી છે જ્યારે જિનધર્મ એ અનાસક્તિ અને સંયમપણાંથી જ ઊત્તમ ગણાય છે. કોઈ પણ વસ્તુ પ્રત્યે આસક્તિ કે રાગ ન રાખવો એ જ જિનધર્મનો સાર છે અને એ થકી જ સારાસાર વસ્તુની સમજ મળે છે. કોઈ કહે છે સુખ કયા છે? ત્યારે જ્ઞાની ભગવંતો કહે છે કે સાચુ સુખ તપ અને સંયમમાં છે એટલે જ સર્વ ધર્મમાં જૈનધર્મ અગ્રણીય ગણાય છે. જેમ જૈનધર્મમાં વ્રતો મહાન છે તેમ જૈન-ધર્મના સાધકો પણ મહાન છે અને એઓ પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ એથીય મહાન હોય છે કહેવાય છે કે તપ અને ત્યાગના પ્રભાવે અલૌકિક સિદ્ધિઓ જ્ઞાનીઓના ચરણમાં આળોટવા લાગે છે. છતાં મહાન પુરૂષો તેની સામે જોતા પણ નથી એ કેટલું અહોભાગ્ય કહેવાય.

શાસનના સિતારા સમા પાદલિપ્ત સૂરીશ્વરજી પણ આ પૃથ્વી ઊપર અદ્વિતિય થઈ ગયા. કારણ એઓના થૂંક સળેખમમાં જગતની સુવર્ણ સિદ્ધિઓ સમાયેલી હતી છતાં એ એનાથી અલિપ્ત રહેતા.

એક વખત સુવર્ણ રસ સાધક નાગાર્જુનને વિચાર થયો કે ઘણા પ્રયત્નથી સાધેલ આ રસ હુ મારા પરમ ગુરૂ પાદલિપ્ત સૂરીશ્વરજીને મોકલું. બીજા દિવસે નાગાર્જુને પોતાના સેવક દ્વારા સુવર્ણરસ સૂરીશ્વરજી પાસે મોકલ્યો. આ રસને જોઇ સૂરીશ્વરજી તો અવાક્ થઈ ગયા અને કાંઈ પણ બોલ્યા વગર પાત્રમાંથી રસ કાઢી રસ્તા ઊપર ફેંકી દીધો. આ જોતા માણસ ખિન્ન થઈ ગયો અને કહેવા લાગ્યો કે અપાત્રને દાન કયારે પણ ફળતો નથી. મારા માલિકે આવા તુચ્છ અને કઠોર સાધુને સુવર્ણ રસ આપી મહાન ભૂલ કરી છે. આટલુ બોલતા જ્યારે જવાને ઊતાવળે પગલા માંડયા ત્યારે સૂરીશ્વરજી એક વાસણ-પાત્રમાં પોતાનો પેશાબ ભરી સેવકને કીધું કે આ તારા માલિક નાગાર્જુનને આપજે અગ્નિમાં ઘી હોમવાથી જેમ અગ્નિ ભભુકી ઊઠે તેમ પેશાબનો પાત્ર જોઈ (સેવક દ્વારા લેવાયેલ) નાગાર્જુન ફફડી ઊઠયો અને હૃદયમાં ભારે વેદના અનુભવી ગુસ્સામાં જ ઠામને દૂર ફેંકી દીધો. આ બાજુ જયાં જયાં પેશાબના ટપા પડયા ત્યાં બધુ સુવર્ણ બની ગયું. આ જોઈ નાગાર્જુન ભારે વિચારમાં પડયો ને કહેવા લાગ્યો કે કયાં વ્યોમ વિહારી ગરૂડ, અને કયાં બેં બે કરતો બકરો, ખરેખર મેં મહાપુરુષને સાંભળ્યા પણ સમજ્યો નહિ. આવા મહાન પુરુષની આશાતનાથી હું કયા ભવે છૂટીશ આમ પશ્ચાતાપ કરતો કરતો નાગાર્જુન પાદલિપ્તસૂરીશ્વરજી પાસે ગયો અને પગમાં પડી બોલવા લાગ્યો ! હે ગુરૂદેવ ! હે પરમ તારક, હે શાસન પ્રભાવક, હે વિશ્વજેતા ! મેં આપની મોટી આશાતના કરેલ છે. ખરેખર હું નિર્ભાગી છું અભાગી એવો હું કયારે પાવન થઈશ. હે ગુરૂદેવ અપરાધ બદલ ક્ષમા આપો. આમ નાગાર્જુન સૂરીશ્વરજીના ચરણ પકડી કાયમી શિષ્ય બની ગયા. સંસારના સબંધોને ક્ષણવારમાં તોડી જૈન શાસનના અજોડ અણગાર બન્યા. તપ-ત્યાગમાં શક્તિશાળી બન્યા. સવાધ્યાય ધ્યાનમાં ગુણતાન બન્યા અને પરમોપકારી ગુરુદેવની આજ્ઞામાં મસ્ત બન્યા. આવા હતા આ પાદલિપ્ત-સૂરીશ્વરજી કે જેઓના રજ પણ તારણહાર બનતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જિનેન્દ્ર જીવન જ્યોત દર્શન

લેખક : **સવાઇલાલ જાદવજી શાહ-પચ્છેગામવાળા**

ખરેખર લેખકે જ્ઞાનની સુંદર ઉપાસના કરી છે. અભ્યાસ પ્રશસ્તિ માગી લે છે. જિનેશ્વર ભગવંતો વિશેની સભર માહિતી છે. બાલ જીવોને સહેલાઈથી સમજી શકાય તેવી ભાષામાં અને સુંદર શૈલીમાં લખાયેલું આ પુસ્તક ખૂબ ઉપયોગી છે. માહિતી મેળવવામાં અનેક પુસ્તકોનું વાચન કરવું પડયું છે. તેથી સુંદર પ્રકાશન થયું છે, તે બદલ લેખકને હાર્દિક અભિનંદન.

સંસ્થાને ભેટ-પુસ્તક આપ્યું છે તેથી લેખકનો હાર્દિક આભાર સંસ્થા માને છે.

**— શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

શ્રી પછેગામ મંડન

## શ્રી ધર્મનાથ સ્તુતિ

શ્રી ભાનુ ભૂપકુળ અંબરમાં,
કલુષિત તમહર નમું ચરણોમાં,

પૂજિત અંગો પુરંદરથી
રસ અમૃતતા વધતી શશિથી (૧)

વિખ્યાત શાંતિમય જીવનથી,
જય પામ્વા રાગાદિ અરિથી,

યવ અન્ય, આપ સુમેરુ છે,
જીવન કંચન પર ગેરૂ છે (૨)

જ્ઞાતા ગીરૂઆ સહુ બાબતના,
નરવર, દાતા બોધિ-મણીના

શાતા દ્યો, દઇ દુર્લભ સેવા,
લાગે સવાઈ ચરણે દેવા (૩)

**—સવાઇલાલ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી પછેગામ મંડન

# શ્રી શીતળનાથ જિનસ્તુતિ

મંગળ મૂર્તિ મંગળ દાતા,
વિઘ્ન વિઘાતક, વિશ્વ વિધાતા
પરમ બ્રહ્મ પ્રગટ-પદ જ્ઞાતા,
આતમ રાસ રમણ રસ દાતા,
પારંગત પાવન પરમાત્મા-
મંગળ મૂર્તિ (૧)

અંતર અઘહર, દિલ-દિવાકર,
શીતળ દર્શન ચંદ્ર સુધાકર
ભવ-વન ભયહર ભગીરથ ભ્રાતા-
મંગળ મૂર્તિ (૨)




વિશ્વંભર, ઇશ્વર, શિવ, શંકર,
ચિદ્દઘન ચિદ્દરૂપ પ્રાણ પ્રિયંકર
તીર્થંકર, જિન, ત્રિભુવન ત્રાતા-
મંગળ મૂર્તિ (૩)

શુદ્ધ સનાતન રૂપ ચિરંતન,
નિરંજન, નીરવ, નિસ્પંદન,
સિદ્ધ, સ્વયંભૂ શિવ સુખદાતા-
મંગળ મૂર્તિ (૪)

તાપ ત્રિવિધ હર શીતળ સ્વામી,
શીતળનામી દેવ નમામિ,
સર્વ સ્વધર્મ સવાઈ દાતા-
મંગળ મૂર્તિ (૫)

—સવાઈલાલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુપ્તદાનની ગંગોત્રી

પૂર્વ દેશોની અદ્દભુત સંસ્કૃતિનું પ્રતીક-એટલે ઉપરનું શિર્ષક કદાચ જાપાન જવાની તક મળે તો આપને આવા ૪૦૦થી અધિક સંખ્યામાં વીદ્યુત્ થાંભલા સાથે લોખંડના તારથી બાંધેલી પેટીઓ જોવા મળશે.

પેટી ઉપરનું લખાણ ખૂબ સાદું અને સરળ છે.

"આ પેટીમાં પડેલ પૈસાનો ઉપયોગ જરૂરીયાત વાળા વિના સંકોચે કરી શકે છે."

આ વાંચતા જ આપણને જિજ્ઞાસા થશે-આ શુભ કાર્યની શરૂઆત કોણે કરા !

શરૂઆત કરનાર છે જાપાનનો મહાન કવિ શિનીચી ઇગુચો.

કાવ્યમાં મશગુલ રહેનારને આ યોજના કેવી રીતે સ્ફુરી હશે ? — તે જાણવા આપણે સહુ જરૂર તલસી રહીએ.

પુણ્યાત્મા કવિશ્રી એક દિવસ દરિયા કાંઠે સૌંદર્ય નિહાળતા ઘૂમી રહ્યા હતા. ત્યારે એક માણસને સમુદ્રમાં કૂદા પડવાની તૈયારી કરતો જોયો. તેની છાતીએ વજનદાર પથ્થર બાંધ્યો હતો.

એક પળ ગુમાવ્યા સિવાય કવિશ્રી ત્યાં પહોંચ્યા. ભેખડ પરથી પડતું મૂકે તે પહેલાંજ તેનો હાથ પકડી લીધો. પથ્થરને છાતી પરથી છૂટો કર્યો તેમણે કહ્યું, "ભાઈ, ઇશ્વરે જીવન જીવવા માટે આપ્યું છે, નહિ કે જાતેજ તેનો નાશ કરવા."

પેલા કમનશીબ માણસે તેની હૃદયદ્રાવક કથની કહીઃ

પાંચ સંતાનોનો તે પિતા હતો. પત્ની મૃત્યુ પામી હતી. રહેવાનું ઘર ન હતું. આજીવિકાનું કોઈ સાધન ન હતું. ભૂખ્યાં સંતાનોના કરમાયેલા મુખ જોઇ શકાતા ન હતા. તેથીજ આપઘાતનો વિચાર કરવો પડયો.

કવિના નેત્રો ભીંજાયા. હૃદય દ્રવી ઉઠયું. તેને હોટલમાં લઈ ગયા. પુત્રા માટે નાસ્તો બંધાવ્યો. તેને ભોજન કરાવ્યું, તન સાથે લઈને તેના ઘેર ગયા, સંતાનો નાસ્તો જોતાંજ આનંદમાં આવી ગયા.

ત્યારબાદ કવિએ તેને કારખાનામાં નોકરી અપાવી. નાનકડું ઘર અપાવ્યું. કવિ હવે નિશ્ચિંત બન્યા. સમય વણ થંભ્યો ચાલતો હતો. છ માસ વીતી ગયા. ફરી એક વખત કવિ તેને મળવા ગયા. જાણ થઈ કે કારખાનામાંથી મળતા ટૂંકા પગારમા તેનું પૂરૂં થતું ન હતું. તેથી તેની પંદર વર્ષની પુત્રી ઘર છોડી ચાલી ગઈ કયાંય આશ્રય ન મળતાં, પેટનો ખાડો પૂરવા દેહના સોદા કરતા વેશ્યાગૃહને પનારે પડવું પડયું.

હાય ! આર્થિક ભીંસની ભયંકરતા !

ધનિકોની કલ્પના ચક્ષુમાં તેનું ચિત્ર ઉમટશે ? ધનનો સદ્ઉપયોગ કરવાની ભાવના પ્રકટશે ?

કવિશ્રીને આઘાત લાગ્યો. પોતે તે કુટુંબની પુરી સંભાળ ન લીધી તેનુંજ આ ખતરનાક પરિણામ તેમને ચૂંભવા લાગ્યું. એ વખત સ્વાસ લોકકથા સ્મરણમાં આવી — સ્વીસના આલ્પસ પ્રદેશમાં એક વૃક્ષ સાથે આવી પેટી બાંધવામાં આવી હતી. ઝંઝાવાત સમયે અનેક વૃક્ષો ધરાશયી બન્યા હતા પણ આ થાંભલો ને પેટી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અણનમ અને અડગ ઉભા હતા. ઉપકારક વૃત્તિનું ચમત્કારીક પરિણામ. તેથી કવિશ્રીએ આવી એક પેટી થાંભલા સાથે બાંધી શુભ શરૂઆત કરી. તે પણ એક હજાર યેન પેટીમાં મૂકીને.

એક શુભ કાર્યની જ્યોત અનેક શુભકાર્યના દીપકને પ્રગટાવે છે તે મુજબ આજ ૪૦૦થી અધિક પેટીઓ થાંભલાઓ પર ઝુલતી બની છે, આ પેટીઓની શી સાર્થકતા ?

જેને ખૂબ જરૂર હોય છે તે તેમાંથી જોઈતી રકમ લે છે. વધુ હાથમાં આવે તો તે પાછી મૂકે છે.

(૨) જેમણે તેનો લાભ લીધો છે તેઓ પોતાની પરિસ્થિતિ સુધરતા વધારે રકમ પેટીમાં પરત કરે છે.

(૩) ચોર લોકો પણ પેટીનું લખાણ વાંચી તેમાંથી કશું લેતા નથી; બલ્કે કંઇક રકમ મુકવા પ્રેરાય છે.

(૪) નશાખોર લોકો લાભ કોઇ કોઇ વખત લે છે, પણ તે ઉપકારના પ્રતીકની તેજ છાયા તેમને અજવાળે છે ત્યારે નશો બધ કરે છે અને રકમ લેવા બદલ પસ્તાય છે.

(૫) અનેક પ્રેરણાના પિયુષનું પાન કરાવે છે અને આવી પેટી પોતાના તરફથી શરૂ કરે છે.

(૬) પોલીસો અને અમલદારો કડકાઇ કે સખ્તાઈ ભુલે છે અને આ ઉપકારક કાર્ય સામે શિર ઝુકાવે છે

પરોપકારની જ્યોત પ્રકાશ જ આપે.

અંધકારને અજ્ઞાનતાને ઉલેચે છે. તેમાં કશી નવાઈ નથી.

ભારતીય ધનિક લોકો આમાંથી બોધપાઠ લે અને ભારતમાં પણ આવા શુભકાર્યના મંડપો રોપે તેવી અભિલાષા.

'જનકલ્યાણ'ના સૌજન્યથી

---

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

## ✱ આમંત્રણ પત્રિકા ✱

**માન્યવર સભાસદ બંધુઓ તથા સભાસદ બહેનો,**

પરમ પૂજ્ય ગુરુદેવશ્રી આત્મારામજી મહારાજનો ૧૫૦ જન્મજયંતી મહોત્સવ શ્રી સિદ્ધાચલજી તીર્થ ઉપર સંવત ૨૦૪૨ના ચૈત્ર સુદી ૧ને તા. ૧૦-૪-'૮૬ ગુરૂવારના રોજ આ સભા તરફથી ઉજવવાનો હોવાથી શ્રી સિદ્ધાચલજી ઉપર શ્રી આદીશ્વર ભગવાનની મોટી ટુંકમાં પૂજા ભણાવવામાં આવશે. નીચેના સદગૃહસ્થો તરફથી ગુરૂભક્તિ તેમજ સ્વામી ભક્તિ કરવામાં આવશે.

૧. શેઠશ્રી સકરચંદ મોતીલાલ મુળજીભાઇ
૨. શેઠશ્રી કપુરચંદ હરીચંદ (માચીસવાળા) તથા તેમના ધર્મપત્નિ અ.સૌ. અનોપબેન
૩. શેઠશ્રી વૃજલાલ ભીખાભાઈ
૪. શેઠશ્રી નાનાચંદ તારાચંદ સપરિવાર

ફાગણ વદી અમાસ તા. ૯-૪-૮૬ને બુધવાર સાંજના પાલીતાણે પધારવા આમંત્રણ છે.

ઠેકાણું : **મહારાષ્ટ્ર ભુવન, પાલીતાણા.** લી. **શ્રી જૈન આત્માનંદ સભા**

આ આમંત્રણ મેમ્બરો માટે જ છે. કોઇ મેમ્બર સાથે ગેસ્ટ હશે તો નાની મોટી વ્યક્તિ દીઠ એક ગેસ્ટની રૂા. ૧૦ ફી લેવાનું નક્કી કરવામાં આવેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ✻ સદ્‌ગત ભગતભાઇનો સંક્ષિપ્ત જીવનપરિચય ✻



ભગતભાઈના ઊપનામથી સારાએ ભાવનગરના જૈન સમાજમાં પ્રસિદ્ધિ પામેલ, તેમજ દરેક આચાર્ય ભગવંતોના હૃદયમાં સુશ્રાવક તરીકેનું આદરણીય સ્થાન પામેલ મુ. શ્રી ભગતભાઈનો જીવન પરિચય ખરેખર પ્રેરણાદાયી અને ધર્મમય જીવનના ઉદાહરણરૂપ છે.

તેઓશ્રી અતિ સરળ, સૌજન્યશીલ, વિવેકી, નમ્ર, લાગણીશીલ, ધર્મપ્રિય, ગુણાનુરાગી, ગુણગ્રાહી, સુવ્રતપસ્વી, ધર્માનુષ્ઠાન પ્રત્યે આસક્ત, ઉદાર, ધીરગંભીર અને જૈનદર્શનના આચારયુક્ત શ્રાવકજીવનના દ્યોતક હતા. જીવનના અંતિમ શ્વાસ સુધી એ જ ધર્મનિષ્ઠ, અરિહંત પરમાત્મા પ્રત્યેની એટલી જ દૃઢ આસક્તિ, દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેની ઊંડી શ્રદ્ધા, ઈહલોક પ્રત્યે સંપૂર્ણ વિરાગી, આવતા ભવની સાર્થકતા માટેની જ જીવનપ્રણાલી અને ધર્મમય આચરણ. તેઓએ ધર્મ આચર્યો છે, પચાવ્યો છે અને દરેક ક્ષેત્રે પ્રસાર્યો હતો.

ખૂબ જ નાની વયથી ધર્મ પ્રત્યે આસક્ત. ૧૧ વર્ષની નાની ઉમરથી જ કાર્તિકી અને ચૈત્રી પૂનમની ગિરિરાજની યાત્રા કરવાનો સંકલ્પ-જ્યારે આજના યુગના સાધનો ન હતા. ૧૯ વર્ષની નાની વયથી જ નિયમિત એકાસણા કે બિયાસણા, માસક્ષમણ, સિદ્ધિતપ, વર્ષીતપ કે ઉપધાનતપ જેવા મહાન તપના પારણે પણ નવકારશીનું પચ્ચક્ખાણ નહીં. આવી અડગ નિષ્ઠા માટે કેટલું દૃઢ મનોબળ હશે !

શ્રાવકના બારવ્રત ઘણા સમયથી લીધા છે. ૩૨ વર્ષની ભર યુવાનવયે જ્યારે મન સંસાર પ્રત્યે આસક્ત હોય તે ઉંમરે સૂરિસમ્રાટ આચાર્યદેવશ્રી નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નિશ્રા માં ચતુર્થ વ્રતનો અંગીકાર કરી આજીવન બ્રહ્મચર્યનું પાલન કરવાનો અતિ દુષ્કર અને દૃઢ સંકલ્પ તેમના જીવનની તપશ્ચર્યાઓને મુલવીએ ત્યારે ખ્યાલ આવે કે આજના કલિકાળમાં મહાન અને પ્રભાવશાળી તપશ્ચર્યાઓ અતિ સમતાભાવે પૂર્ણ કરીને અતિ ઉત્તમ પરભવનું ભાથું તેમણે બાંધ્યું છે.

૧ માસક્ષમણ (ત્રીસ ઉપવાસ), ૧ સિદ્ધિતપ, ૧ વર્ષીતપ, ઉપધાનતપની આરાધના, સોળ ઉપવાસ બે વખત, પંદર ઉપવાસ બે વખત, દશ ઉપવાસ બે વખત, નવ ઉપવાસ ત્રણ વખત, ૫૬ અઠ્ઠાઈ (આઠ ઉપવાસ) પાંચ ઉપવાસ પાંચ વખત, ચાર ઉપવાસ સાત વખત, ૧૬૪ અઠ્ઠમ (ત્રણ ઉપવાસ) ૨૧૬ છઠ્ઠ (બે ઉપવાસ), ચત્તારી, અઠ્ઠ, દસ, દોયતુ તપ પણ કરેલ છે. વીસસ્થાનકની ઓળી ઉપવાસથી, જ્ઞાનપાંચમ, મૌન એકાદશી કાર્તિકી પૂનમ, ચૈત્રી પૂનમ, અષાડી ચૌદશના ૪૦ વર્ષથી સતત ઉપવાસ, ઉપરાંતમાં પોષ દશમીની આરાધના ચાલુ હતી, ભવ-આલોયણ પણ લીધી છે, મક્કમતા તો એટલી કે ઉપધાનતપની માળ અઠ્ઠાઇ કરીને પહેરી છે.

વર્ધમાન તપની આયંબીલની ૭૨ ઓળીની શ્રેણી પુર્ણ કરી છે. ચૈત્ર તથા આસો માસની શાશ્વતીઓળી ૧૧૨ થઈ છે. અને હજુ ચાલુ હતી. એકીસાથે છ મહીનાના એટલે કે ૧૮૧ આયંબીલ સતત કર્યા હતા.

મહાન ગિરીરાજ શત્રુંજયની નવાણુ યાત્રા બાર વખત કરી છે અને બાર વખત ચૌવિહાર છઠ્ઠ કરીને સાત યાત્રા કરી છે. શત્રુંજયની પૂનમની યાત્રા ઘણા વર્ષો સુધી સતત કરી છે. પર્યુષણમાં ચોસઠ પ્રહરી પૌષધ ઘણા વર્ષોથી ચાલુ હતા. નવલાખ નમસ્કાર મહામંત્રનો જાપ ચાલુ હતા.

આટલી કઠોર તપશ્ચર્યા કરતા હોવા છતાં ધર્મના કોઈ પણ કાર્યમાં નિયમિત અગ્રેસર, વર્ધમાનતપ આયંબીલ પ્રત્યે અંતરનો અપૂર્વ ભાવ, રગેરગમાં આયંબીલ પ્રત્યેની અનેરી ભક્તિ, આયંબીલ ખાતાના સેક્રેટરીપદે વર્ષો સુધી રહી, તન, મન અને ધનનો ભોગ આપી આ ખાતાને સદ્ધર કક્ષાએ મુકવામાં તમનો અનેરો હિસ્સો હતો.

ભાવનગર જૈન સંઘમાં અનેક વર્ષો સુધી કારોબારી સભ્ય રહ્યા હતા. છેલ્લા વર્ષોમાં ઉપપ્રમુખ પદે રહી શાસન શોભાવ્યું હતું. સેવા એ જ ધર્મ માન્યો છે. આત્માનંદ જૈન સભાના સેક્રેટરી પદે રહી પ્રગતિના પૂરક બન્યા હતા.

ભાવનગરમાં સુવિધાયુક્ત નૂતન ઉપાશ્રયની અનેક વર્ષોથી જરૂરત હતી. સંજોગોવશાત્ કામ વિલંબમાં પડી મુલતવી રહેતું. તેમાં પૂજ્ય ધર્મવિજય મહારાજ સાહેબની વડવા જૈન ઉપાશ્રયના ખાતમુહુર્ત સમયની પ્રેરણાથી ઉપાશ્રયનું જરૂરી ફંડ પૂર્ણ ન થાય ત્યાંસુધી ઘી નો સંપૂર્ણ ત્યાગ કર્યો. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી તથા આચાર્યશ્રી મેરૂપ્રભસૂરીશ્વરજીનો સુયોગ અને તેમની સતત જાગૃત પ્રેરણાને કારણે સંકલ્પ પૂર્ણ થયો અને વર્ષોની નૂતન ઉપાશ્રયની ઝંખના ફળીભૂત થઈ.

ભારતવર્ષના જૈનોના મહાન તીર્થો સમેતશિખર, જેસલમેર, કચ્છ, ભદ્રેશ્વર, નાકોડાજી આદિ મહાન તીર્થધામોની યાત્રા કરી હતી. સતકાર્યમાં અને સાધર્મિક સહાયમાં સુકૃતનું ધન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વાપરી જાણ્યું છે. જીવનની કઠોર સાધના અને પ્રભાવશાળી તપશ્ચર્યાઓની આરાધનામાં અનેક અંતરાયો આવ્યા છે. પરંતુ ધર્મ અને વિતરાગ પ્રત્યેની અડગ શ્રદ્ધાને કારણે શરીરની મમતા છોડીને તપશ્ચર્યાઓ પૂર્ણ કરેલ છે. શરીરને માત્ર ધર્મારાધનાનું સાધન માન્યું હતું.

પાલીતાણામાં ચતુર્માસ કરેલ છે. નિયમિત સવાર-સાંજ પ્રતિક્રમણ, જિનેશ્વર ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરીને વર્ષોથી સતત શ્રીફળ મુકયા હતાં. પવિત્ર તીર્થાધિરાજ શત્રુંજય ઉપર તીર્થમાળા પહેરી છે. ભાવનગરના મુખ્ય દેરાસરમાં અજીતનાથ ભગવાનના દેરાસરના ખાત-મુહુર્તનો લાભ મળેલ છે. શાંતીનાથ ભગવાન, નવપદજી તથા અષ્ટમંગલની પાટલી પધરાવેલ છે. સં. ૨૦૩૯ની સાલમાં ૧૫૧ પૌષધ કર્યા હતા.

ધર્મારાધના લક્ષ્યમાં રાખીને કૌટુંબિક ફરજ નિઃસ્પૃહ રીતે બજાવી હતી. તેમના પ્રબળ પુણ્યોદયે ચાર પુત્રો અને તેનો વિશાળ પરિવાર સાર્વત્રિક સુખ અને સંપથી રહે છે. ધર્મા-રાધનમાં સુકૃતના ધનનો ઉપયોગ કરવાનો સહયોગ પુરા પરિવાર તરફથી મળતો રહ્યો. અશાશ્વત જીવનનું આ પણ શાશ્વતસુખ છે. તેમના સહધર્મચારિણી ચંદનબેનની તેમના પ્રત્યેની લાગણી અને વૈયાવચ્ચ અમૂલ્ય રહ્યા.

શ્રી આત્માનંદ સભાના તેઓશ્રી વર્ષોથી આજીવન સભ્ય હતા. તેમજ અનેક વર્ષો સુધી આ સંસ્થાનું મંત્રીપદ શોભાવ્યું હતું. સંનિષ્ઠ કાર્યકર જતાં સભાને મોટી ખોટ પડી છે. તેઓશ્રીનું જીવન સંત સમાન હતું, તેથી તેમને ચીરસ્થાયી શાંતિ મળેજ. તેમનો આત્મા સંપુર્ણ શાંતિ પામો—એવી ભાવના.

**—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.**

# ✲ ઈનામ વિતરણ ✲

શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ. સંઘમાંથી સને ૧૯૮૬ના સાલની **S. S. C.** પરિક્ષામાં સૌથી વધારે માર્કસ મેળવનાર કુ. અમી જીતેન્દ્રભાઈ શાહને શ્રી જૈન આત્માનંદ સભા તરફથી રૂા. ૫૧/ અંકે રૂા. એકાવનનું ઈનામ આપવામાં આવેલ છે.

S. S. C. પરિક્ષામાં સંસ્કૃત વિષય લઈને સંસ્કૃતમાં સૌથી વધારે માંર્કસ મેળવનાર કુ. અમી જીતેન્દ્રભાઈ શાહ અને કુ. રૂપલ વિનયચંદ સંઘવીને રૂા. ૫૧/- અંકે રૂા. એકાવનનું ઇનામ આપવામાં આવેલ છે બન્ને બેનોના ૯૫ ટકા સરખા માર્કસ આવેલ છે. તેથી બન્ને બેનોને ઈનામ આપવામાં આવેલ છે. સંસ્કૃતના વિષયને ઉત્તેજન આપવા માટે શ્રી જૈન આત્માનંદ સભા તરફથી ઇનામો આપવામાં આવેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# હુસેન અને રાબિયા

ઈસ્લામી સંતોની યાદીમાં એ બે નામ ઘણાં મોટાં અને શ્રદ્ધેય નામો છે. એક દિવસ મહાત્મા હુસેને મહાસતી રાબિયાને પુછ્યુ, "રાબિયા તું લગ્ન કરવા ઈચ્છે છે."

રાબિયાએ નમ્રતાથી કહ્યું, "હે પૂજ્ય ! આપ મારા લગ્ન વિષે પુછો છો? પણ હું લગ્ન કેવી રીતે કરૂં ? લગ્ન તો દેહ સાથે થાય. મારો પોતાનો કહી શકાય એવો દેહ તો મારો છે નહિ. આ દેહતો મેં અલ્લાહને અર્પણ કરી દીધો છે. આથી આ દેહ અલ્લાહની આજ્ઞા સિવાય બીજાના આજ્ઞામાં કેવી રીતે રહી શકે ? વળી આ દેહ સતત્ અલ્લાહનું કામ કરી રહ્યો છે ત્યારે આપ કહો, મારે કયા દેહથીલગ્ન કરવા ?

* * *

હજરત મહંમદના એક કાકા હતા. નામ હુસેન. લોકો તેમનાથી થરથર ધ્રુજતા

એક દિવસની વાત છે. એક ગુલામ તેમના મેજ ઉપર વિવિધ ભોજનની રકાબીઓ મૂકવા માટે આવી રહ્યો હતો. ત્યાં જાજમ ઉપર તેનો પગ વળી જતાં રકાબીઓ તૂટી ગઈ. જાજમ ગંદી બની. હુસેનના સામુ જોતાં ગુલામના હોશ ઉડી ગયા.

માલિકને પગે ઘૂંટણીએ પડીને ગુલામે કહ્યું, "માલિક ! બીજા પર જે ગુસ્સે નથી થતાં તે મહાન હોય છે.

હુસેને કહ્યું, "હું ગુસ્સે નથી થયો."

ગુલામે કહ્યું, "જેને ગુસ્સોજ ચડતો નથી તે તો તેનાથીય મહાન છે."

હુસેને કહ્યું, "તારી વાત બરાબર છે.

ગુલામે ધીમેથી કહ્યુ, "પણ માલિક ! જે બીજાની ભુલોને માફ કરી દે છે, તે તો સૌથી મહાન છે."

હુસેને કહ્યું "જા મેં તેને માફ કરી દીધો. લે આ ચારસો દિનાર. તને આઝાદ કરૂં છું. મોજ કર.

'હિંસા વિરોધ'ના સૌજન્યથી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવન કા સફર

"અરે ભાઈ, સામાન તોળાવી લો અને અધિક વજનના પૈસા આપી દો."—વૃદ્ધ બાબાએ સાથીને કહ્યું, તેજ સમયે ગાડીનો ગાર્ડ આવી પહોંચ્યો.

"સામાન તોળવવાની જરૂર નથી. હું સાથે જ છુ" ગાર્ડે કહ્યું.

"ક્યાં સુધી આપ આવશો? બાબાએ કહ્યું.

ગાર્ડે કહ્યું, "બરેલી સુધી."

પણ ભાઈ હું તો લખનૌ જવાનો છું."

બાબાએ ફરીને વજન તોળવાની વાત કરી ત્યારે ગાર્ડે કહ્યું, "બરેલીથી લખના સુધી જે ગાર્ડ આવશે તેને હું વાત કરી દઈશ." બાબાને હસવું આવ્યું. તે બોલ્યા, "ભાઈ, અત્યારે તો હું લખનૌ જાઉ છું, પણ જીવન સફર તો લાંબી છે. અને ત્યાં જયાદા વજનના પૈસા ન ભરવા બદલ પાપની સજા કોણ ભોગવશે?" ગાર્ડ નીચી નજર કરી ચૂપચાપ સાંભળતો રહ્યો, જાણે કે પોતાના પૂજ્ય ગુરુદેવનો ઉપદેશ ન હોય!

તે બૂઢા બાબા હતા શાહ અશરફઅલી. તેમણે પોતાનો સામાન તોળાવ્યો. પૈસા ભર્યા અને ત્યારબાદ મુસાફરી શરૂ કરી.

'જૈન જગત'ના સૌજન્યથી

---

# દહેજ કા રુપ

લેખક : શ્રીપ્રકાશ નાગોરી

સુહાગ રાત કી સેજ પર
નવ વિવાહિત દુલ્હેને દુલ્હન સે કહા
ઈકલૌતી હોકર તુમ અપને માં બાપ કો બહુત ભાયી હો,
દહેજ મે બોલો, હમારે લિએ કયા લાયી હો?
દુલ્હનને ઉત્તર દિયા—
મુઝે પતા થા કિ તુમ યહ પ્રશ્ન પૂછોગે,
અકારણ હી હમેશા મુઝસે જુઝોગે.
ઈસલિએ—
તુમ્હારે બાપ કે લિએ મેરા યહ શરીર,
તુમ્હારે લિએ પાંચ લિટર કેરોસીન,
ઔર તુમ્હારી માંકે લિએ
દો માચીસ કી ડિબ્બિયો કી સોગાત લાયી હું.
ઇસકે ઉપરાન્ત ભી તુમ્હારી બહેનોં કા તનિક ખર્ચા ન હો
ઈસલિયે તીન મીટર કફન કા ટુકડા ભી સાથ લાયી હું.

'જૈન જગત'ના સૌજન્યથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash ] [Regd. No. G. BV. 31.


# દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫ ૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫ ૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦ ૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫ ૦૦ |
| ” ” ભાગ-૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શંત્રુજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦ ૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શંત્રુજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરૂભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌર.)


તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only